# આજે ગાંધીનગરનું ગગન રંગબેરંગી પતંગોથી છવાશે

**મીની વેકેશનના માહોલમાં પતંગ રસિયાઓ પતંગોત્સવની મજા માંણશે : સવારે અને સાંજે બે કલાક પતંગ ન ચગાવવા માટે અપીલ : ઘવાયેલા પક્ષીઓને નવી ઉડાન આપવા માટે પક્ષીપ્રેમીઓ સજ્જ : આકાશી નઝારો બદલાશે :ધાબાઓ ધમધમશે : દાન પુણ્યનુ પણ વિશેષ મહત્વ નગરજનો ઉતરાયણ પર્વ ઉજવવા માટે ઉત્સુક**








ગાંધીનગર તા ૧૩

એ કાપ્યો .. લપેટની બુમો વચ્ચે ધાબા પર ડી જે ના સુર વચ્ચે પતંગ રસિયાઓ પતંગોત્સવની મજા માંણશે. આકાશને રંગીન બનાવતા ઉતરાયણ પર્વને અનુલક્ષી નગરજનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહયો છે. ઉતરાયણ પર્વને ધ્યાને લઈ શાળાઓમાં પણ મીની વેકેશનનો માહોલ હોવાથી પતંગ રસિયાઓનો ઉત્સાહ બેવડાયો છે. આકાશમાં પેચા લડાવતા રંગબેરંગી પતંગોની મજા માંણતા પતંગ રસિકો આજે ધાબા ગજવશે. પતંગ રસિયાઓ દોરી પતંગ ખરીદવા માટે ઉતરાયણના આગળના દિવસે પણ બજારમાં ભીડભાડ જોવા મળી હતી. ત્યારે ઘવાયેલા પક્ષીઓને નવી ઉડાન આપવા માટે પણ પક્ષીપ્રેમીઓ સજ્જ બની ગયા છે. સવારે અને સાંજના બે કલાક પતંગ ન ચગાવવા માટે પણ પક્ષીપ્રેમીઓએ નગરજનોને અપીલ કરી છે.

આકાશને રંગીન બનાવતા ઉતરાયણના પર્વને અનુલક્ષી નગરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહયો છે. પતંગ રસિયાઓ પતંગોત્સવની મજા માંણવા માટે સજ્જ છે. અગાશીઓની સફાઈ થઈ ગઈ છે. જયારે હવામાન નિષ્ણાંતોના મતે પવનની દિશા અને ગતિ પણ પતંગ ઉડાવવા માટે સાનુકુળ રહેવાની હોવાથી પતંગ રસિકોનો ઉત્સાહ બેવડાયો છે. ઉતરાયણ પર્વના આગળના દિવસે બજારમાં ભારે ભીડ જોવા મળી હતી. પતંગ રસિકો દોરી પતંગની ખરીદી માટે ઉમટી પડયા હતા. જયારે પતંગ બજાર ઉપરાંત કાપડ બજાર અને ફરસાણની દુકાનો પર વિશેષ ઘરાકી જોવા મળી હતી. આજે આખો દિવસ શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં ભીડભાડનો માહોલ યથાવત રહયો હતો. ઉતરાયણ પર્વ દાન પુણ્યની રીતે પણ મહત્વનુ હોવાથી ગાયોને ઘાસ ખવડાવવા તેમજ ગરીબોને જરૂરી ચીજવસ્તુઓનુ દાન આપવા માટે પણ નગરજનો ઉત્સુક જોવા મળી રહયા છે. આ માટે પણ વિશેષ આયોજન કરી દેવાયુ છે. જયારે કમુહુર્તાના અંતે શુભકાર્યો થઈ શકે તેમ હોવાથી ઉતરાયણ બાદ નવા આયોજનો અને કામોને અનુલક્ષીને પણ નગરજનોમાં ઉત્સુકતા પ્રવર્તેલી જોવા મળી રહી છે. ઉતરાયણ પર્વને હરખભેર ઉજવવા માટે પતંગરસિયાઓએ સંપુર્ણ તૈયારી કરી લીધી છે. ધાબાની સફાઈ ઉપરાંત ધાબે ડી જેના સાઉન્ડ સાથે મ્યુઝિક સિસ્ટમનો પણ ધમધમાટ આગળની સાંજથી જ સંભળાઈ રહયો હતો. મોડીરાત સુધી પતંગ બજારમાં ભીડ રહી હતી. શાળા કોલેજોમાં પણ સળંગ ત્રણ રજા આપી દીધી હોવાના લીધે ઉતરાયણ પર્વને વધાવવાનો ઉત્સાહ બેવડાયેલો જોવા મળી રહયો છે. ઉતરાયણ પર્વ પર પતંગોત્સવની મજા માંણવા સાથે ઉંધિયા જલેબી ઝાપટવા માટે પણ સ્વાદરસિયોઓ વિશેષ રીતે ઉત્સુક હોય છે. ત્યારે ફરસાણની દુકાનો પર ચીકી અને અવનવા ફરસાણ સાથે ઉધિંયા જલેબીની પણ વિશેષ ખરીદી થઈ રહી છે પતંગની મજા લુંટવાના આ પર્વમાં કોઈ અકસ્માતનો બનાવ ન બને તે માટે પતંગ રસિયાઓને સાવધ રહેવા અને પતંગ લુંટવા માટે દોડાદોડી ન કરવા માટે પણ સમાજના શુભચિંતકોએ સલાહ આપી છે. જયારે પતંગોત્સવની મજા દરમિયાન આકાશમાં વિહરતા અબોલ પક્ષીઓને ઈજા ન પહોંચે તે માટે સવારે અને સાંજે બે કલાક પતંગ નહીં ચગાવવા માટે પણ પક્ષીપ્રેમીઓ દ્વારા અપીલ કરવામાં આવી છે. ઘવાયેલા પક્ષીઓને નવી ઉડાન આપવા માટે હેલ્પલાઈન પણ શરૂ કરી દેવામાં આવી છે. વનતંત્ર દ્વારા સ્વંયસેવકોની ટીમ પણ તૈયાર કરી દેવામાં આવી છે. ઉતરાયણના પર્વને વધાવવા માટે નાના મોટા સૌ કોઈ ઉત્સુક બન્યા છે.

## સૂર્ય દક્ષિણમાંથી ઉત્તર દિશામાં પ્રયાણ કરે છે

### ઉત્તરાયણ શુભ મૂર્હુત તરીકે પણ છે

ઉત્તરાયણ તહેવારની ઉજવણી પાછળનું ખાસ કારણ એમ માનવામાં આવે છે કે સૂર્ય પોતે દક્ષિણથી ઉત્તર તરફ પ્રયાણ કરે છે અને આ સમયનો સૂર્યપ્રકાશ શરીર માટે ખુબ સારો સાબિત થાય છે. વિવિધ ધર્મોની માન્યતા જુદી જુદી રીતે આમાં જોડાયેલી છે. જ્યોતિષ શાસ્ત્રનું કહેવું છે કે સૂર્ય એક રાશીમાંથી બીજી રાશીમાં સ્થળાંતર કરે છે આ પ્રમાણે વર્ષમાં કુલ ૧ ૨ સંક્રાંતિઓ થાય છે. પરંતુ સૂર્ય ધનુ રાશીમાંથી મકર રાશીમાં સ્થળાંતર કરે છે ત્યારે ઉત્તરાયણ શરૂ થાય છે. કારણ કે આ સમય સૂર્ય પૃથ્વીની આજુ બાજુની પરિભ્રમણ દિશામાં પણ પરિભ્રમણ થાય છે. સૂર્ય ઉત્તર દિશા તરફ ખશે છે. સૂર્ય ઉત્તર તરફ ખસતો હોવાથી આ દિવસને ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે. ઉત્તરાયણને શુભ મૂર્હુત તરીકે પણ જોવામાં આવે છે. જુદી જુદી સંસ્કૃતિઓમાં ઉત્તરાયણની ઉજવણી જુદી જુદી રીતે થાય છે.

## શહેરના પતંગ બજારમાંથી તંત્રએ ચાઈનીઝ દોરી પતંગનો જથ્થો જપ્ત કર્યો

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરના બજારોમાં ચાઈનીઝ દોરી પતંગનુ વેચાણ અટકાવવા માટે તંત્ર સજાગ બન્યુ છે. રોજબરોજ બજારમાંથી ચાઈનીઝ દોરી પતંગોનો જથ્થો કબજે લેવામાં આવે છે. ઉતરાયણ પર્વના આગળના દિવસે પણ તંત્રની ટીમે બજારમાંથી ચાઈનીઝ દોરી પતંગોનો જથ્થો ઝડપી લીધો હતો. સે-૨૧ અને સે-૨૪ના પતંગ બજારમાંથી ૫ હજાર પ્લાસ્ટીકના પતંગ તેમજ ચાઈનીઝ દોરીની ૨૫ ફીરકી કબજે લીધી હતી.

આકાશને રંગીન બનાવતા પર્વને વધાવવા પતંગરસિયાઓ ઉત્સુક બન્યા છે. ત્યારે સરકારે ચાઈનીઝ દોરી પતંગના ઉપયોગ પર પ્રતિબંધ મુકયો છે. ત્યારે તંત્રએ ચાઈનીઝ દોરી પતંગનુ બજારમાં વેચાણ અટકાવવા માટે ઝુંબેશ હાથ ધરી છે. અત્યાર સુધીમાં તંત્ર દ્વાર રોજબરોજ ઝુંબેશ હાથ ધરી બજારમાં વેચાણ થતા આ પ્રકારના દોરી પતંગનો જથ્થો કબજે લીધો છે. જયારે શહેરમાં બહારથી આવતા ચાઈનીઝ દોરી પતંગોને કબજે લેવા માટે પણ જિલ્લા કલેકટરે વાહન ચેકીંગ કરી જથ્થો કબજે લેવા માટે પોલસ તંત્રને સુચના આપી છે. જયારે આજે પણ ફાયર ઓફિસર મહેશ મોટ તેમજ તેમની ટીમે સે -૨૧ અને સે- ૨૪ ના પતંગ બજારમા તપાસ હાથ ધરી ૫ હજાર પ્લાસ્ટીકના પતંગો તેમજ ચાઈનીઝ દોરીની ૨૫ ફીરકી કબજે કરી હતી. અબોલ પક્ષીઓ તેમજ માનવજીવન સહીત પ્રકૃતિ પ્રેમીઓને નુકશાન પહોંચાડતા ચાઈનીઝ દોરી પતંગનો ઉપયોગ ન કરવા માટે પક્ષીપ્રેમીઓએ પણ પતંગ રસિયાઓને અપીલ કરી છે.


**બેસણું (ઉમરેઠ વિશા ખડાયતા)**



અમારા પૂ. માતુશ્રી **ગં.સ્વ. કાન્તાબેન કંચનલાલ ગાંધી** તા. ૧૨/૧/૨૦૧૮, શુક્રવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૬/૧/૨૦૧૮, મંગળવારે સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : GICEA નિર્માણ ભવન, ''ગજ્જર હોલ', લો-ગાર્ડન રોડ, એલીસબ્રિજ, અમદાવાદ**

**ઉષા હરીશકુમાર શાહપટેલ યોગેશ કંચનલાલ ગાંધી**
**વર્ષા નયનેશકુમાર શાહપટેલ રાજેશ કંચનલાલ ગાંધી**
**નિરવ ● નિસર્ગ (પૌત્ર) ● આયુષ (પ્રપૌત્ર)**

બેસણું અને સરવણી તેરમાના દિવસે તા. ૨૪/૧/૨૦૧૮ને બુધવારે સવારે ૯-૩૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**: નિવાસસ્થાન :**
**પૂજન એપાર્ટમેન્ટ્સ, બ્લોક નં. ૨૫/૨૭૧, ડો. જીવરાજ મહેતા હોસ્પિટલ પાછળ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૭ ફોન નં. : ૨૬૬૦૧૫૧૦**


## પંચાયતોની ચૂંટણી માટે સોમવારે જાહેરનામુ પ્રસિદ્ધ થશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાની ૧૦ ગ્રામ પંચાયતોની સામાન્ય તેમજ ૧૨૦ વોર્ડની અને ૧ સરપંચની પેટાચૂંટણી માટે સોમવારે તે અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે.

જિલ્લાના ત્રણ તાલુકાની ૧૦ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે ૩૦ હજાર જેટલા મતદારો મતદાન કરશે. આ માટે સોમવારથી જ ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ શરૂ થશે.

૨૨મી જાન્યુઆરી અંતિમ દિવસ ઉમેદવારી પત્ર ભરવાનો રહેશે. ૪થી ફેબ્રુઆરીના રોજ આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન યોજાશે.


જે ૧૦ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી છે તેમાં સઈજ ગ્રામ પંચાયત એ સૌથી મોટી પંચાયત છે. અહિ ૧૬ વોર્ડ છે. આ ગામ કલોલ શહેરની નજીકનું હોવાથી અહિ ગ્રામ પર વસ્તીનું ભારણ અન્ય ગામોની તુલનામાં વધારે જોવા મળે છે.

આ ચૂંટણી માટેના મતદાન મથકો પણ નિયત કરી દેવામાં આવ્યા છે.




ટ્રાફિક સપ્તાહ - ટ્રાફિક સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ટ્રાફિક નિયમન કાયદાનો ભંગ કરતા વાહન ચાલકોને પોલીસ દ્વારા જાહેરમાં ઉઠ-બેસ કરાવાઈ હતી...


**બેસણું**



અમારા માતૃશ્રી **કમુબેન હીરાભાઈ ખિમસુરીયા** તા.૧૧-૦૧-૨૦૧૮નાં રોજ મોક્ષ પ્રાપ્તિ થયેલ છે. તેમના આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના. **સદ્દગતનું બેસણું તા.૧૫-૦૧-૨૦૧૮ને સોમવારનાં રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**પ્લોટ નં.૭૩૪/૨, કિશાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર**

ફર્મ: ખિમસુરીયા કન્સ્ટ્રકશન, વર્ષા કન્સ્ટ્રકશન, વૈદેહી કન્સ્ટ્રકશન
જયરામભાઈ એચ. ખિમસુરીયા
દિનેશભાઈ એચ. ખિમસુરીયા
ખિમજીભાઈ એચ. ખિમસુરીયા


## રાજ્યમાં પાલિકાઓમાં ચૂંટણીનો માહોલ જામ્યો

ગાંધીનગર,તા.૧૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ધમધમાટ બાદ રાજ્યની ૬૨ જેટલી પાલિકાઓમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે. નવસારી જિલ્લામાં આવેલી વિજલપોર પાલિકાની ૫વર્ષની ટર્મ પૂરી થતા ચૂંટણીનો રંગ ફરી ખીલી રહ્યો છે. ગુજરાત પ્રદેશ ભાજપએ ચૂંટણીમાં મેદાને ઉતારવા માટે ઉમેદવારોની શોધખોળ આદરી છે.

વિજલપોર ચૂંટણીને ધ્યાને લઈને પ્રદેશ ભાજપાએ નિરીક્ષકોની ટીમ નવસારીમાં ઉતારી છે. પાલિકાના કુલ ૯ વોર્ડમાં ૩૬ ઉમેદવારોની પસંદગી માટે ૯૫થી વધુ ઉમેદવારનો દાવેદારી નોધાવી છે. જેથી મુખ્ય નિરીક્ષકે ટિકિટ વાંછુકોને સાંભળ્યા હતા.


**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ગાંધીનગર માટે LED TV, LCD TV**
રીપેરીંગ માટે ફોન કરો
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**॥ સુંદરધામ ॥**
**ચતુર્થ પાટોત્સવ મહોત્સવ**
શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિરે ત્રીદિવસીય મહોત્સવનું આયોજન

તા.૧૫-૧-૧૮ : સોમવાર : બપોરે ૧ થી ૪.૩૦
**આનંદનો ગરબો**
અલગ અલગ આનંદ ગરબા મંડળો દ્વારા

તા.૧૬-૧-૧૮, મંગળવાર, બપોરે ૨ થી ૫
**"સુંદરકાંડ પાઠ"**
શ્રી દિલીપગુરૂજી અને શ્રી ભારતીબાપુ વ્યાસપીઠે યોજાશે.

તા.૧૭-૧-૧૮, બુધવાર બપોરે : ૨ થી ૫
**"ભજન અને સત્સંગ મહોત્સવ"**
અલગ અલગ ભજન મંડળો દ્વારા યોજાશે

દરરોજ સવારે યજ્ઞ અને સત્યનારાયણ ભગવાનની કથા યોજાશે
દરરોજ સાંજે ૫ કલાક થી આવનાર દરેક ભક્તો માટે ભોજન પ્રસાદનું આયોજન કરેલ છે

"સુંદરધામ"
શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિર, ગાંધીનગર-માણસા હાઈવે, રેલ્વે ફાટક પાસે, રાંધેજા, ગાંધીનગર.



શ્રી દિલીપભારતી ગોસ્વામી (ગુરૂજી)
યુવા કથાકાર
સુંદરકાંડ પાઠ અને આનંદ ગરબાના વક્તા
મો. ૯૩૨૭૦ ૦૩૯૪૦
મો. ૯૩૭૪૧ ૭૭૧૮૪



**॥ શિવકથા ॥**
દેવાધી દેવ મહાદેવજીને પ્રસન્ન કરવા સૌ શિવ ભક્તો દ્વારા ભવ્ય અને દિવ્ય આયોજન
ડોમ મંડપમાં શ્રી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ કથાનું આયોજન આપણા ધર્મનગરીમાં કરવામાં આવ્યું છે.
કથા પ્રારંભ : તા.૨૦-૧-૨૦૧૮, શનિવાર
કથા સમય : દરરોજ બપોરે ૧.૩૦ થી ૫.૩૦
કથા વિરામ : તા.૨૬-૧-૨૦૧૮, શુક્રવાર

"સુંદરકાંડ પાઠ"
તા.૨૭-૧-૨૦૧૮, શનિવાર બપોરે યોજાશે
વક્તા : શ્રી ભારતી બાપુ
સુંદરકાંડ પાઠનું લાઈવ પ્રસારણ ટિવીમાં થશે

શિવકથામાં રૂદ્રાક્ષ જ્યોર્તિલીંગ પુજા-દર્શનનો લાભ મડશે.
૧-લાખ રૂદ્રાક્ષના શિવલીંગના દર્શનનો લાભ મળશે.
માઁ બહુચરના આનંદનો ગરબો કથા દરમ્યાન યોજાશે.

● શિવકથા શુભ સ્થળ ●
નવરાત્રી ચોક : પંચદેવ મંદિર પાછળ, સેકટર-૨૨, ગાંધીનગર.

**શ્રાવણ માસમાં હરિદ્વાર ખાતે "રામકથા" નું આયોજન**
ચાલો ચાલો માઁ ગંગાની ગોદમાં પાવન ભુમી "હરિદ્વાર"
દર વર્ષની જેમ આ વર્ષે પણ 'સુંદરધામ' પરિવાર દ્વારા ભવ્ય કથાનું આયોજન શ્રાવણ મહિનામાં હરિદ્વાર ખાતે આયોજન કરેલ છે.
યાત્રા પ્રારંભ : તા.૧-૯-૨૦૧૮, શનિવાર
કથા પ્રારંભ : તા.૨-૯-૨૦૧૮, રવિવાર
કથા સમય : દરરોજ સવારે ૯ થી ૧૨
કથા વિરામ : તા.૮-૯-૨૦૧૮, શનિવાર
સંપૂર્ણ યાત્ર ૯ દિવસની રહેશે
યાત્રા રેલ્વે દ્વારા કરવામાં આવશે.
સંપૂર્ણ યાત્રા ખર્ચ : રૂા.૫૦૦૦/- છે.
સિનીયર સિટીજન ખર્ચ : રૂા.૪૫૦૦/- છે. (૬૦ વર્ષ)
AC/રૂમ - AC/ટ્રેન ટીકિટના અલગ રૂપિયા
યાત્રામાં જોડાવવા વહેલા મા વહેલી તકે સંપર્ક કરવો.



**શ્રી ભારતીબાપુ**
સુંદરકાંડ પાઠ યજમાનશ્રી
કથા યજમાનશ્રી
સુંદરધામ પરિવાર સદસ્ય
અને તમામ નગરવાસિઓને જાહેર આમંત્રણ આપવામાં આવે છે
"સુંદરધામ"
મો. ૮૧૪૧૨૧૭૦૫૦, ૯૪૨૮૫૯૫૭૪૧
૯૩૭૪૧૭૭૧૮૪, ૯૩૨૭૦૦૩૯૪૦


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com